પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૮૨, કુલ પાના:૪, તારીખ: ૨૮-૧૧-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 82 PRICE :-RS. 1.50 DATE : 28-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### ઘટનાને લઈ સરકાર પાસે રીપોર્ટ માંગ્યો: ૧લી ડીસેમ્બરે સુનાવણી

## રાજકોટની ઉદય શિવાનંદ કોવિડમાં હોમાઈ ૫ જીંદગી, સુપ્રીમ કોર્ટ લાલઘુમ



રાજકોટ,

કોવિડ હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાઓ થંભવાનું નામ લેતી નથી અને કોરોનાના કહેર સામે લડતા દર્દીઓ આગમાં જીવ ગુમાવી રહ્યા છે. છેલ્લા ૪ મહિનામાં રાજ્યના અમદાવાદ, રાજકોટ, વડોદરા અને જામનગર સહિતનાં શહેરોમાં કોવિડ હોસ્પિટલમાં આગના બનાવ બન્યા છે. ત્યારે આ આગે નિર્દોષ દર્દીઓના ભોગ લીધા છે. અત્યારસુધીમાં અમદાવાદ અને રાજકોટની કોવિડ હોસ્પિટલની આગમાં ૧૩ દર્દી ભડથું થયા છે. રાજકોટમાં લાગેલી આગ મુદ્દે સર્વોચ્ચ અદાલતે રૂપાણી સરકારનો ઉધડો લીધો છે. અદાલતે આ મુદ્દે સરકાર પાસે જવાબ માંગ્યો છે અને સોલિસિટર જનરલને પણ આકરા સવાલો કર્યા છે. ગુજરાતમાં અવારનવાર આગની ઘટનાઓના કારણે કોરોના વાયરસની સામે ઝઝૂમી રહેલા દર્દીઓ મોતને ભેટી રહ્યા છે.

રાજકોટના આનંદ બંગલા ચોક નજીક આવેલી ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં મોડી રાત્રે આગ લાગતાં ૫ લોકોનાં મોત થયાં હતાં. ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલની આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દર્દીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને દુઃખ વ્યક્ત કર્યું હતું, સાથે જ આગની દુર્ઘટનાની તપાસ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશને સોંપી છે. આગ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક દર્દીના વારસદારને ૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. PM મોદીએ સોશિયલ મીડિયામાં કહ્યું છે કે, પ્રશાસન અસરગ્રસ્તોની સહાય કરી રહ્યું છે તમામ શક્ય સહાયની ખાતરી આપી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયામાં કહ્યું છે કે, રાજકોટમાં ઉદય શિવાનંદ હોસ્પિટલમાં આગ લાગવાથી ભારે જાનહાનિ વેઠવી પડી છે. મારા વિચારો તે લોકો સાથે છે જેમણે આ કમનસીબ દુર્ઘટનામાં તેમના પ્રિયજનો ગુમાવ્યા છે. ઈજાગ્રસ્તોનું આરોગ્ય ઝડપથી સારૂ થાય તેવી મારી પ્રાર્થના છે. પ્રશાસન અસરગ્રસ્તોને તમામ શક્ય સહાયની ખાતરી આપી રહ્યું છે. આ ખાનગી હોસ્પિટલમાં કુલ કોરોનાના ૩૩ દર્દી સારવાર લઈ રહ્યા હતા. બચાવી લેવાયેલા અન્ય દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે પોલીસ કમિશનર અને મેયર ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ મામલે પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે આ ખૂબ જ દુઃખદ ઘટના છે. મુખ્યમંત્રી સતત અમારા સંપર્કમાં છે. કોઈપણ જવાબદાર હશે તેની સામે પગલાં લેવામાં આવશે. ફાયરબ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું હતું કે મધરાતે ૧૨.૨૦ વાગ્યે ફાયરબ્રિગેડને આગ લાગવાનો પહેલો કોલ આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે કોવિડ હોસ્પિટલમાં આગ લાગતાં ૫ દર્દી બળીને ભડથું થઈ ગયા હતા. એમ છતાં રાજકોટ શહેરના કલેક્ટર સહિત એકપણ ધારાસભ્ય ડોકાયા નહોતા.

### રાજકોટની કોવિડ હોસ્પિટલમાં લાગેલી આગમાં એક કર્મચારીએ સાત દર્દીને બચાવ્યા

આ ખાનગી હોસ્પિટલમાં કુલ કોરોનાના ૩૩ દર્દી સારવાર લઈ રહ્યા હતા, ત્યારે આગ લાગી હતી એ દરમિયાન એક કર્મચારી દર્દીઓનો મસીહા બનીને આવ્યો હતો. ઉદય કોવિડ હોસ્પિટલમાં હોસ્પિટલમાં ફરજ બજાવતા અજય વાઘેલા નામના કર્મચારીએ બહાદુરીનું કામ કર્યું હતું. ગ્રાઉન્ડ ફલોર અને પહેલા માળે આગ લાગતાં અજય વાઘેલા નામના હોસ્પિટલના એક કર્મચારીએ કોવિડના સાત દર્દીને વારાફરતી ખભા પર ઊંચકી અગાશી પર મૂકી આવ્યો હતો.

### આગ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક દર્દીના વારસદારને ૪ લાખની સહાય આપવાની જાહેરાત, સોંપાઈ તપાસ, વડાપ્રધાને વ્યક્ત કરી સંવેદના

### મેયર મેડમ માટે તો બધું 'કુદરતી જ કુદરતી

ઘટનાને પગલે રાજ્યના મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા છે. જ્યારે ઘટના બનતા જ અધિકારીઓ દોડી આવ્યા હતા. આ વચ્ચે રાજકોટના મેયરનું બેજવાબદારી ભર્યું નિવેદન સામે આવ્યું છે. રાજકોટના મેયર બિના બેન આચાર્યએ આગ દુર્ઘટનાને કુદરતી ગણાવી છે. આ સિવાય ૫ દર્દીઓના મોતની ઘટનાને પણ કુદરતી ગણાવી છે.

### મૃતકની બહેને કહ્યું- ૪૦૦ કરોડ આપો તોપણ ભાઈની ખોટ કેમ પુરાય

આગની ઘટનાની જાણ થતાં જ દર્દીનાં પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યાં છે, જેમાં સંજયભાઈ રાઠોડનાં બહેન સંધ્યાબહેન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં હતાં અને જણાવ્યું હતું કે ૪ લાખની સહાય શું ૪૦૦ કરોડ રૂપિયા આપે તોપણ ભાઈની ખોટ કેમ પુરાય. બીજી તરફ, મૂળ મોરબીના નીતિનભાઈ મણિલાલ બદાણીના પુત્ર અંકિતભાઈએ જણાવ્યું હતું કે અમને શું ખબર પપ્પા સવારે ઊઠશે જ નહીં.

## ભારતમાં બનશે રશિયાની સ્પુતનિક ફ કોરોના વેક્સિન, ૧૦ કરોડથી વધુ ડોઝનું થશે ઉત્પાદન




માસ્કો,

રશિયાની કોરોના વાયરસ વેક્સિન સ્પુતનિક ફને લઈને મોટી જાણકારી સામે આવી છે. આ વેક્સિનનું ઉત્પાદન ભારતમાં થશે. રશિયાના સાર્વભૌમ સંપત્તિ નિધિ અને ભારતીય દવા કંપની હેટેરોએ સ્પુતનિક ફ વેક્સિનના ભારતમાં પ્રતિ વર્ષ ૧૦૦ મિલિયન (૧૦ કરોડ)થી વધુ ડોઝનું ઉત્પાદન કરવાની સહમતિ વ્યક્ત કરી છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર સ્પુતનિક ફએ ટ્વિટર એકાઉન્ટ પર જારી એક નિવેદનના હવાલાથી તેની જાણકારી આપી છે.

મહત્વનું છે કે રશિયાએ પાછલા દિવસોમાં કહ્યું હતું કે, તેની વેક્સિન ૯૫ ટકા સુધી અસરકારક સાબિત થઈ છે અને તેના એક ડોઝની કિંમત ૧૦ ડોલર (લગભગ ૭૫૦ રૂપિયા) હશે. તેના ડોઝને રાખવા માટે વધુ ઠંડા કોલ્ડ સ્ટોરેજની જરૂર નથી. સ્પુતનિક ફના ટ્વિટર એકાઉન્ટ પર જારી નિવેદનમાં કહેવામાં આવ્યું કે, વેક્સિનનું સમર્થન અને વૈશ્વિક સ્તર પર માર્કેટિંગ કરી રહેલ હેટેરો અને રશિયા સાર્વભૌમ સંપત્તિ નિધિએ ૨૦૨૧ની શરૂઆતમાં સ્પુતનિક ફનું ઉત્પાદન શરૂ કરવાની યોજના બનાવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં બીજા અને ત્રીજા ફેઝની ટ્રાયલ ચાલી રહી છે.

વર્તમાનમાં વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ બેલારૂસ, યૂએઈ, વેનેજુએલા અને અન્ય દેશોમાં ચાલી રહ્યાં છે. હૈદરાબાદ સ્થિત ડો. રેડ્ડીઝ લેબોરેટરી ભારતમાં તેના ફેઝ બે અને ત્રણની ટ્રાયલ થઈ રહી છે. ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ લિમિટેડે કહ્યું કે, ભારતમાં માર્ચ ૨૦૨૧ સુધી અંતિમ તબક્કાની ટ્રાયલ થઈ જશે. રશિયા અધિકારીઓએ મંગળવારે કહ્યું કે, કોન્ટ્રાક્સ હિસાબથી રશિયા દ્વારા ડિસેમ્બરમાં બીજા દેશોને સ્પુતનિક ફ વેક્સિન સીમિત માત્રામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે, જ્યારે જાન્યુઆરી ૨૦૨૧માં અન્ય દેશોમાં પ્રમુખતાથી તેનું વિતરણ કરવામાં આવશે. તેના ઉત્પાદનને વધારવા અને કિંમતને ઓછી કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. રશિયાના લોકોને આ વેક્સિન ફ્રીમાં મળશે.

## વડોદરામાં બોગસ માર્કશીટ કૌભાંડ, આરોપીઓ વધુ અન્ય એક ગુનો પણ નોંધાયો

વડોદરા,

ક્રિકેટના સટ્ટાની તપાસ દરમિયાન વડોદરામાં બોગસ માર્કશીટ કૌભાંડ બહાર આવ્યું હતું. પોલીસે આ કેસમાં ફતેગંજના બ્લ્યુ ડાયમંડ કોમ્પલેક્સમાં ઓફિસ ધરાવતાં આરોપી રેહાન અને તેના સાગરિતની ધરપકડ કરી હતી. પોલીસે આ કેસમાં બંને આરોપીની ધરપકડ કરીને ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા જે પુરા થતા પહેલા જ વધુ એક ફરિયાદ આરોપીઓ વિરૂદ્ધ દાખલ થઈ છે.પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓ માર્કશીટ અને સર્ટીફિકેટ માટે રૂપિયા ૧૫ હજારથી લઈ રૂપિયા ૧ લાખ સુધી વસુલતા હોવાની વિગતો બહાર આવી હતી.

આંતરરાજ્ય કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની તપાસ કરવા પીસીબીની એક ટીમ ઉદયપુર જવા રવાના થઈ છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર દિલિપ મોહિતને પોલીસે મહારાષ્ટ્રના ધુલિયા ખાતેથી ઝડપી પાડ્યો હતો. રિમાન્ડ દરમિયાન પોલીસે મળેલી માહિતીના આધારે વધુ ત્રણ એજન્ટો રેહાન અબરાસ અહેમદ સીદીકી, કબીર મોહમદ ફારૂક બાદશાહ અને સિરાજ નાજુદ્દીન સૈયદને ઝડપી પાડયા હતા.

આ અંગે તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી રેહાન સિદીકી ફતેગંજની મીમ ઈન્સ્ટીટ્યુટ ફોર મેનેજમેન્ટ ટેકનીકલ સ્ટડી નામની ઓફિસમાં ઈમીગ્રેશનનું કામ કરે છે. જેના ઓથા હેઠળ લાંબા સમયથી બોગસ માર્કશીટનું કૌભાંડ ચલાવતો હતો. વિદેશ જવા માંગતા કેટલાક લોકોની ઈમીગ્રેશનની ફાઈલ ચલાવવાની સાથે તેમને બોગસ ડિગ્રી સર્ટીફિકેટની પણ તે વ્યવસ્થા કરી આપતો હતો. આ દ્વારા તેણે કેટલા તત્વોને વિદેશ ભણવા મોકલ્યા છે, તથા કેટલાને નોકરી અપાવી છે, તેની પોલીસ તપાસ કરી રહી છે.

## દેશમાં કોરોના સંક્રમણનો આંક ૯૩ લાખને પાર, ૨૪ કલાકમાં ૪૩ હજાર નવા કેસ



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વેકસીનના ટ્રાયલ અને તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ થશે તેના વિશે ચર્ચાઓ ચાલી રહી છે, તો બીજી તરફ કોરોના સંક્રમણના કેસો ૯૩ લાખથી વધી ગયા છે. રાહતની બાબત એ છે કે હાલમાં ૪.૫૫ લાખ જ એક્ટિવ કેસો છે. શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૨૪ કલાકમાં ૪૩,૦૮૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૯૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૩,૦૯,૭૮૮ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૮૭ લાખ ૧૮ હજાર ૫૧૭ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલમાં ૪,૫૫,૫૫૫ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૩૫,૧૭૫ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૬ નવેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૩,૭૦,૬૨,૭૪૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુરૂવારના ૨૪ કલાકમાં ૧૧,૩૧,૨૦૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૫૬૦ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૧૩૦૨ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ ના કારણે ૧૬ દર્દીઓના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૩૯૨૨ થયો છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૨૦,૩૫,૦૯ નોંધાયા છે. જેમાંથી એક્ટિવ કેસ ૧૪,૫૨૯ છે. આજે રાજ્યમાં કુલ ૭૦,૮૨૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૦.૯૩ ટકા છે.

## કોરોના વચ્ચે અમદાવાદ રેલવે ડિવિઝને કર્મચારીઓની બદલીના આદેશ કરતા રોષ


અમદાવાદ,

કોરોના મહામારી વચ્ચે રેલવે બોર્ડ દ્વારા કર્મચારીઓની ટ્રાન્સફર ન કરવા માટે નિર્ણય કર્યો હતો. જોકે, કોરોનાની મહામારીમાં અમદાવાદ ડિવિઝનને કોઈ ફરક પડતો ન હોય તેમ રેલવે બોર્ડના પરિપત્રની ઐસીતૈસી કરીને પોતાના પાવરથી કર્મચારીઓની બદલી કરી દીધી છે.

કોરોનાની મહામારી વચ્ચે રેલવે બોર્ડ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી બદલી ન કરવા આદેશ કરાયો છે. આમ છતાં અમદાવાદ રેલવે ડિવિઝનમાંથી અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. વેસ્ટર્ન રેલવે એમ્પ્લોય યુનિયને પણ આક્ષેપ કર્યો છે કે, રેલવે બોર્ડનો આદેશ હોવા છતાં બદલીઓ કરવામાં આવી છે.

કર્મચારીઓ એક જગ્યા પરથી બીજી જગ્યાએ જાય છે ત્યારે તેમને કોરોનાનું સંક્રમણ લાગવાનો ડર રહે છે. વેસ્ટર્ન રેલવે એમ્પ્લોય યુનિયન મંડળ મંત્રી એચ.એસ.પાલે જણાવ્યું છે કે, રેલવે બોર્ડના આદેશનું પણ પાલન થયું નથી. મહામારી વચ્ચે પણ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

## અમેરિકામાં ૨૪ કલાકમાં ૧.૮૧ લાખ કેસ અને ૨ હજારથી વધુ મોત



વોશિંગ્ટન,

વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૬.૧૨ કરોડને પાર પહોંચી ગયો છે. ૪ કરોડ ૨૩ લાખથી વધુ લોકો સાજા થઈ ચૂક્યા છે. અત્યારસુધીમાં ૧૪ લાખ ૩૬ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ આંકડા **www.worldometers.info/coronavirus** મુજબના છે. અમેરિકામાં સંક્રમણના કેસ ઘટવાનું નામ નથી લેતા. અહીં એક દિવસમાં ૧ લાખ ૮૧ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. ફ્રાન્સમાં પણ કેસો વધી રહ્યાં છે. અહીં ૧૩ હજારથી વધુ કેસો પ્રકાશમાં આવ્યા છે. અમેરિકામાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. અહીં એક દિવસમાં એક લાખ ૮૧ હજાર ૪૯૦ કેસ પ્રકાશમાં આવ્યા છે. આ દરમિયાન ૨ હજાર ૨૯૭ લોકોનાં મોત થયાં છે. આ મે પછીનો એક દિવસમાં મોતનો સૌથી મોટો આંકડો છે. હવે મરનારાઓનો આંકડો ૨ લાખ ૬૨ હજારથી વધુ થઈ ગયો છે. એડમિનિસ્ટ્રેશનની સૌથી મોટી સમસ્યા હોસ્પિટલમાં દાખલ થનારાની સંખ્યા છે. અહીં ૨૪ કલાકમાં ૮૯ હજાર ૯૫૯ લોકો દેશની અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ થયા છે.

પ્રશાસનનું કહેવું છે કે થેક્સગિવિંગ ડે પર લાખો લોકો ટ્રાવેલ કરી રહ્યા છે અને એને કારણે સંક્રમણનું જોખમ વધવાની શક્યતા છે. આ અંગે ચેતવણી પણ બહાર પાડવામાં આવી હતી. જોકે લોકો એને ગંભીરતાથી લઈ રહ્યા નથી. ફ્રાન્સમાં બુધવારે ૧૬ હજાર ૨૮૨ કેસ પ્રકાશમાં આવ્યા હતા. ગુરુવારે આ આંકડો ઘટીને ૧૩ હજાર ૫૬૩ થયો છે. ફ્રાન્સમાં ચાર સપ્તાહથી લોકડાઉન છે. સરકારને એના માટે ખૂબ વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જોકે હવે એનાં સારાં પરિણામો પ્રકાશમાં આવ્યાં છે. બે સપ્તાહ પહેલાં અહીં એક દિવસમાં લગભગ ૫૦ હજાર કેસ પ્રકાશમાં આવી રહ્યા હતા. ફ્રાન્સ યુરોપના એ દેશોમાં છે,

જ્યાં સંક્રમણ જોખમી સ્તર પર પહોંચી ગયું હતું અને જ્યારે સરકારે ૯ શહેરમાં બીજી વખત લોકડાઉન લગાવ્યું તો એનો વિરોધ થયો. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટો જરદારી પણ કોરોનાથી સંક્રમિત થયા છે. બિલાવલે સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી આપી છે અને કહ્યું, હું સેલ્ફ આઈસોલેશનમાં જઈ છું. મારામાં સંક્રમણનાં હલકાં લક્ષણ દેખાઈ રહ્યાં છે. બિલાવલ પાકિસ્તાન ડેમોક્રેટિક ફ્રન્ટના પ્રમુખ નેતા છે. આ સંગઠન ઈમરાન સરકારના રાજીનામાની માગને લઈને દેશમાં રેલીઓ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં સંક્રમણની બીજી લહેર ચાલી રહી છે. અહીં કુલ ત્રણ લાખ લોકો સંક્રમિત છે. ગુરુવારે મળેલા એક અપડેટ મુજબ દેશની હોસ્પિટલમાં હવે બેડ ઓછાં પડવા લાગ્યાં છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાજેન્દ્રસિંહ ઉદેસિંહ બારીઆ

મુ. ધામણોદ, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. એફ. ખાંટ

મુ. સાજીવાવ, તા. શહેરા

# મહીસાગર જિલ્લામાં આજે ૧૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષો, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૭-૧૧-૨૦૨૦ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૬૩૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાધમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૮૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૮૬૭૧૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૫૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીછકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૬૬ દર્દી હોમ આઈસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૯ દર્દીઓ સ્ટેબલ, ૦૯ દર્દીઓ ઓકિસજન પર અને ૦૩ દર્દી વેન્ટીલેટર પર છે.

## સંતરામપુર તાલુકાના ગોઠીબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમો દ્વારા આરોગ્ય સર્વેની કામગીરી સહિત રેપીડ એન્ટીયજન અને RTPCR ટેસ્ટ કરવામાં આવ્યા



લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી મામલતદાર કે. જે. વાઘેલા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન. એસ. ગોસાઈએ સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામમાં કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ પ્રાથમિક આરોગ્યગ કેન્દ્રા ગોઠીબના ડો. ભૌમિક પટેલ અને આરોગ્ય સ્ટાફ દ્વારા ૯ (નવ) ટીમો બનાવી ગામના અગ્રણીઓ સાથે મુલાકાત કરી પરિસ્થિતીની ચર્ચા કરી સંક્રમણને ફેલાતો અટકાવવા માટેની સમજ આપવામાં આવી હતી.

આ ટીમો તથા ધનવંતરી આરોગ્ય રથ અને આરબીએસકેની ટીમ દ્વારા આરોગ્ય લક્ષી કામગીરી અને સર્વે કરવામાં આવ્યુંર હતું. જયારે સામાન્યવ લક્ષણો ધરાવતા હોય તેઓના રેપીડ એન્ટીજન અને આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત નાગરિકોની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે હોમિયોપેથિક દવા આર્સેનિક આલ્બેમની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, જિલ્લાના આરોગ્યય તંત્રના તમામ આરોગ્યી કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટ ન્સીંગ, માસ્કાની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે તેમજ માસ્કડ પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સાબુ/સેનેટાઇઝરથી વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટીન્સીંગનું પાલન કરવાનું સમજાવી અન્યોને પણ જાગૃત કરવા સમજ આપવામાં આવી હતી.

### ખાનપુર તાલુકાના બાકોર ગામમાં જાહેરનામાનો કડક અમલ

## માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના કડક અમલના ભાગરૂપે એક જવેલર્સના માલિક પાસેથી રૂા.બે હજારનો દંડ વસૂલ કરાયો




લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ અનુસાર આરોગ્યા કર્મીઓ જિલ્લાના તમામ નાગરિકોના આરોગ્યની સારસંભાળ રાખવાની સાથે અનેકવિધ ક્ષેત્રે કામ કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ કેટલાંક નાગરિકો આને ગંભીરતાથી નથી લઈ રહ્યા. નાગરિકોમાં જાગૃતિ આવે અને કોરોનાના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય અને કાબૂમાં રાખી શકાય તે માટે જિલ્લામ કલેકટર આર. બી. બારડે જિલ્લાના તમામ અધિકારીઓને જાહેરનામાનો કડક અમલ થાય તે જોવા માટે સૂચનાઓ જારી કરી છે.

જેના ભાગરૂપે ખાનપુર તાલુકાના લાયઝન અધિકારી, મામલતદાર અને પોલીસ ઈન્સ્પેકટરની સંયુકત ટીમ દ્વારા તાલુકાના બાકોર ગામની મુલાકાત લઈ કન્ટેનમેન્ટ, વિસ્તારમાં જાહેરનામાનો કડક અમલ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત કન્ટેનમેન્ટ સિવાયના વિસ્તારમાં પણ માસ્કઅ અને સોશિયલ ડિસ્ટન્સીંગનો કડક અમલ થાય તે માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટનન્સીંગના ભંગ બદલ વ્રજ જવેલર્સના માલિક પાસેથી રૂા. ૨૦૦૦/-ના દંડની વસુલાત કરવામાં આવી હતી.

આમ જિલ્લામાં જિલ્લા વહીવટીતંત્રની વિવિધ ટીમો દ્વારા જાહેરનામાનો કડક અમલ થાય તે માટે સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું હોઈ મહીસાગરવાસીઓ સાવધાન થઈ જજો. અને જયારે પણ નાછૂટકે ઘરની બહાર જવાનું થાય ત્યારે અવશ્યક માસ્ક પહેરીને નીકળો તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી દંડનીય કાર્યવાહીમાંથી બચો.

## સંતરામપુર પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ



સંતરામપુર, પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટ ગુમ અપહરણ થયેલ બાળોકોને શોધવા સારૂ તથા નાસતા ફરતા આરોપીઓ ઝડપી પાડવા ડ્રાઈવ રાખવામાં આવેલ જેથી તેઓની સુચના અને માર્ગદર્શન હેઠળ, મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ. .વી.ડી.ધોરડા તથા પો.સબ ઈન્સ. .એમ.કે.માલવીયા એલ.સી.બી. સ્ટાફનાં માણસોને નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે અલગ અલગ ટીમોની રચના કરી સુચના આપેલ.

દરમ્યાન પોલીસ ઈન્સ. વી.ડી.ધોરડા નાઓને બાતમી મળેલ કે સંતરામપુર પોલીસ મથકના ગુનાનો આરોપી ગોવિંદભાઇ નરવતભાઇ વાલવા ઉવ.૨૦ રહે-શીર તા-સંતરામપુર જી. મહિસાગર વાળો અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ચાંદરેજ ગામ ખાતે મજુંરી કરે છે. તેવી બાતમી આધારે ટીમ ઈન્ચાર્જ તથા પોલીસ માણસોને ઉપરોકત સરનામે તપાસમાં મોકલેલ જેથી ઉપરોકત સરનામે જઈ તપાસ કરતા સદરહું ગુનાનો નાસતો ફરતો આરોપી ગોવિંદભાઈ નરવતભાઈ વાલવા રહે-શીર તા-સંતરામપુર જી. મહિસાગર નાનો મળી આવેલ જે બાબતે આમલીયારા પોલીસ સ્ટેશન ખાતે નોધ કરાવી આરોપીને હસ્તગત કરી લઈ આવી આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંતરામપુર પો.સ્ટે. સોપવામાં આવેલ છે.

## દાહોદ જીલ્લા અને તાલુકાના MGVCL કર્મચારીઓએ ખાનગીકરણના વિરોધમાં કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો

દાહોદ, વિજ કંપનીના ખાનગીકરણના વિરોધમાં આજરોદ દાહોદના એમ.જી.વી.સી.એલ. તેમજ જિલ્લાના તમામ તાલુકાઓમાં ફરજ બજાવતાં એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી સરકારની નિતી રિતી સામે સુત્રોચ્ચાર સાથે ભારે વિરોધ નોંધાવ્યો હતો.

પોતાની વિવિધ પડતર માંગણીઓ તેમજ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતાં ઘણા લાંબા સમયથી અનેકવાર એમ.જી.વી.સી.એલ. દ્વારા ભુતકાળમાં આમરણ ઉપવાસ, કામકાજથી અળગા રહી તેમજ અનેક લેખિત મૌખીક રજુઆતો સાથે વિરોધ નોંધાવ્યાના કિસ્સાઓ સામે આવ્યા છે. એમ.જી.વી.સી.એલ.માં સરકાર દ્વારા ખાનગીકરણનો રસ્તો અપનાવ્યો હોવાના આક્ષેપો સાથે દાહોદ એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ દ્વારા આજે કાળી પટ્ટી ધારણ કરી હતી અને એમ.જી.વી.સી.એલ.કમ્પાઉન્ડની બહાર કર્મચારીઓ સોશીયલ ડિસ્ટન્સ સાથે એક્ઠા થઈ સુત્રોચ્ચાર પણ કર્યા હતા. દાહોદ એમ.જી.વી.સી.એલ.ના મુખ્ય અધિકારી દ્વારા જણાવ્યા અનુસાર, જો વીજ કંપનીનું ખાનગીકરણ થશે તો ખેડુતો, મધ્યમ વર્ગીય લોકોને વીજ બીલમાં તોતીંગ વધારો થશે અને એક યુનીટનો ભાવ ૧૫ - ૨૦ રૂપીયા થશે અત્યારે સરકારે એગ્રીકલ્ચર યુનીટને ૫૦ પૈસા યુનીટના ભાવે આપવામાં આવે છે અને તેમાં પણ સરકારની સબસીડી હોય છે અને જો ખાનગીકરણ થશે તો સબસીડી બંધ કરશે અને ખેતીવાડીના ખેડુતોને અને મધ્યમ વર્ગીય લોકોના વીજ બીલમાં વધારો થશે. વધુમાં જણાવ્યા અનુસાર, પ્રાઈવેટ વીજ કંપની બંધ કરવા, જુની પેન્શન નીતી ચાલુ કરવી વિગેરે માંગો સાથે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોધાવ્યો હતો. આ વિરોધમાં આજે દાહોદ જિલ્લાના ધાનપુર, દેવગઢ બારીઆ, ઝાલોદ, લીમખેડા, સંજેલી, સીંગવડ, ગરબાડા જેવા તાલુકાના વીજ કર્મચારીઓ પણ જોડાયા હતા.

## દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા યોજાયેલા ઓનલાઇન ભરતી-માર્ગદર્શન શિબિરનો ૧૪૫ થી વધુ યુવાનોએ લાભ લીધો

દાહોદ, દાહોદની જીલ્લા રોજગાર વિનિમય કચેરીએ ગત તા. ૨૬ નવેમ્બરે યુવાનો માટે ઓનલાઇન પ્લેટફોર્મ ઉપર જીલ્લાકક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો, એપ્રન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરનો ૧૪૫ થી વધુ યુવાનોએ લાભ લીધો હતો તથા ૧૧ જેટલા નોકરીદાતાઓએ વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી હતી.

ભરતીમેળા સંદર્ભે જિલ્લા રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણે જણાવ્યું હતું કે કોરોના મહામારીના સમયમાં રૂબરૂ ભરતી મેળાનું આયોજન શકય નથી ત્યારે ઓનલાઇન પ્લેટફોર્મના ઉપયોગ થકી યુવાનોને રોજગારી અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સાથે રોજગારના નવા અવસરોથી તેમને અવગત કરવામાં આવી રહ્યાં છે. તા. ૨૬ એ યોજાયેલા ભરતી મેળામાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ભરતી મેળામાં રાષ્ટ્રીય કક્ષાની વિવિધ ૧૧ જેટલી કંપનીઓ દ્વારા યુવાનોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દાહોદ જિલ્લાના યુવાનો ઓનલાઇન ભરતી શિબિર-માર્ગદર્શન શિબિરમાં ભાગ લઇ રોજગારના નવા વિકલ્પો વિશે માહિતગાર બની પોતાની કારકિર્દીને નવી દિશા આપી શકે છે. અત્યારે ઓનલાઇન પ્લેટફોર્મના માદ્યમથી યુવાનોને સેનામાં ભરતી અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તેનો પણ યુવાનો મોટી સંખ્યામાં લાભ લઇ રહ્યાં છે. યુવાનો રોજગાર અંગે કોઇ પણ માર્ગદર્શન માટે આ હેલ્પ લાઇન નંબર ૦૨૬૭૩-૨૩૯૧૫૯ નો પણ સંપર્ક કરી શકે છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ, દાહોદમાં આજે વધુ ૧૯ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૧૪૭ને પાર થઈ ગયો છે જયારે એકટીવ કેસની સંખ્યા ૧૯૫ પર પહોંચી છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૧૬ પૈકી ૧૧ અને રેપીટ ટેસ્ટના ૧૮૭૭ પૈકી ૮ મળી ૧૯ કેસો નોંધાયા છે. આ ૧૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૨ કેસો સામે આવ્યા છે જયારે ઝાલોદ અર્બનમાંથી ૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧, લીમખેડામાંથી ૧ અને ગરબાડામાંથી ૧ એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી કુલ ૮૦ લોકો પોતાનો જીવ ગુમાવી બેઠા છે.

## ખાનપુર તાલુકાના ગેસ એજન્સી દ્વારા હોમ ડીલીવરી ન પહોંચાડતા ગ્રાહકો પરેશાન

ખાનપુર, ખાનપુર તાલુકાના નરોડામાં આવેલ રૂદ્ર ગેસ એજન્સીના ગેસના વિતરકની મનમાનીને કારણે ગ્રાહકોના ઘરે ગેસ બોટલના રૂ.૬૧૭.૫૦ તથા ઘરે મુકવાના અલગથી ૩૦ રૂપિયા મળી કુલ રૂ.૬૫૦ પુરા લેવામાં આવે છે. તેમ છતાંય ગ્રાહકોને ખાનપુર ગામમાં બોટલ લેવા જવુ પડે છે. વિતરકના માણસો દ્વારા ગ્રાહકોને મોબાઈલ નંબર પર જાણ કરી ગેસના બોટલ લેવા બોલાવે છે. જો ગ્રાહક બોટલ લેવા ગામમાં ન જાય તો તેનુ બુકિંગ કેન્સલ કરી દેવામાં આવે છે. જેથી મજબુરીના માર્યો ગ્રાહક ના છુટકે બોટલ માથા પર ઉંચકીને કે મોટરસાયકલ પર મુકી ખાનપુર ચોકડી પર ગેસનો બોટલ લેવા માટે આવવા મજબુર બન્યા છે. વધુ નાણાં ચુકવવા છતાં ગ્રાહકોને ઘર આંગણાની સેવાનો લાભ મળતો નથી. સરકાર દ્વારા ઉજ્જવલા યોજના હેઠળ ઘરે ઘરે ગેસના બોટલ આપ્યા છે અને આ ગેસના વિતરક દ્વારા ખાનપુર ગામના લોકોનુ શોષણ કરવામાં આવી રહ્યુ છે.

## સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા વ્યાપારીઓ, દુકાનદારો, દૂધ મંડળીઓ સહિતના વિવિધ વ્યવસાયકારો વ્યવસાયના સ્થળે ગોળાકાર કે ચોરસ નિશાન જરૂર કરો

લુણાવાડા, કોરોના સંક્રમણથી લોકો સલામત અને સુરક્ષીત રહે તે માટે બજારમાં દુકાનો, શાકભાજીની લારીઓ, નાસ્તાગૃહો, ગ્રામ્ય વિસ્તારોમાં દુધ મંડળીઓ વગેરે સ્થળો કે જ્યાં લોકોની ભીડ થતી હોય છે. ત્યાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા ગોળાકાર કે ચોરસની નિશાનીઓ કરીને લોકો છુટા છુટા ઉભા રહી શકે તેવી વ્યવસ્થા કરવી જરૂરી હોઇ વ્યવસાયકારોએ પોતાની અને સમાજની સલામતી અને સુરક્ષા માટે વ્યવસાયના સ્થળે આવી નિશાની કરી ગ્રાહકો તેનો ઉપયોગ કરે તે માટે જાગૃત કરવા અને તેનું પાલન થાય તે જોવું જોઈએ કલેક્ટર એ સમગ્ર જિલ્લામાં આવી વ્યવસ્થા અમલી બનાવવા અને તેનો અમલ કરવા સર્વે વ્યવસાયકારોને અપીલ કરવાની સાથે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અધિકારી, કર્મચારીઓની ટીમો બનાવવામાં આવી છે. જે ટીમો તેનું ચેકીંગ કરનાર હોવાનું જણાવ્યું છે.

## દાહોદ કિસાન સમિતિના આગેવાનો દ્વારા ખેડુતલક્ષી નવા કાયદાના વિરોધમાં ફતેપુરા ખાતે રેલી યોજાઈ

સુખસર, ગુજરાત કિસાન સભા દાહોદ જિલ્લા સમિતિ દ્વારા ગુરૂવારના રોજ ૧૨ વાગ્યા દરમિયાન કિસાન સભા દાહોદ જિલ્લા સમિતિઓની આગેવાનીમાં અન્ય ૧૦ થી ૧૨ જેટલા ખેડુત કાર્યકરો સાથે કેન્દ્ર સરકારના ખેડુતલક્ષી નવા કાયદાના વિરોધમાં ફતેપુરા ખાતેથી રેલી કાઢવામાં આવી હતી. જેમાં વિવિધ સુત્રોચ્ચાર કરાયા હતા. ફતેપુરા નગરમાં બલૈયા ત્રણ રસ્તા પાસે ગુજરાત કિસાન મોરચા સમિતિના પ્રમુખ અને તેમની આગેવાનીમાં ગુરૂવારના રોજ બાર વાગ્યાના અરસામાં વિવિધ સુત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી હતી. ખેડુતલક્ષી ત્રણ નવા કાયદાઓના વિરોધમાં સુત્રોચ્ચાર કરી, ત્યારબાદ ત્યાંથી રેલી સ્વરૂપે પો.સ્ટે.ફતેપુરા રોડ પર આવેલ સરદાર પટેલના સાહેબની પ્રતિમાં પાસે આવી પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. અને કાર્યક્રમની પુર્ણાહુતિ કરી હતી. ફતેપુરા પોલીસ દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કિસાન મોરચાના પ્રમુખ દ્વારા પ્રતિમાને ફુલહાર પહેરાવ્યો હતો.

## દાહોદના ગરબાડા ચોકડી ખાતે ત્રણ દુકાનોના તાળા તસ્કરોએ તોડીયા

દાહોદ, દાહોદ તાલુકાના ગરબાડા ચોકડી ખાતે આવેલ ત્રણ દુકાનોને તાળા તુટતાં વિસ્તારમાં તસ્કરોના આ આતંકને પગલે ભારે ફફડાટ સાથે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. દાહોદ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરોનો આતંક વધતાં લોકો ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે. ત્યારે બીજી તરફ આ ગરબાડા ચોકડીની ત્રણ દુકાનોના તાળા તુટ્યાની ખબરો સાથે જ દોડી આવેલ પોલીસે તસ્કરોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદના ગરબાડા ચોકડી નજીક આવેલ બાલાજી હોટલની સામે ઓટો ગેરેજની ત્રણ દુકાનોના ગત રાત્રીના સમયે એક સાથે તાળા તુટતા આ દુકાનોમાંથી તસ્કરોએ ઓટો પાર્ટસ, પાના પક્કડ અને દુકાનની બહાર મુકી રાખેલ ઓક્સિજનની ગેસની બોટલ ચોરીને લઈ ગયા હતા. સવારે દુકાનના માલિકો દુકાન તરફ આવ્યા હતા અને પોતાની દુકાનના તાળા તુટ્યા હોવાનો નજારો જોતા વેંત તેઓના હોશ ઉડી ગયા હતા. આ ઘટનાને પગલે સ્થળ પર આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ પોલીસને કરાતાં પોલીસ પણ દોડી આવી હતી. છેલ્લા ઘણા સમયથી દાહોદ તાલુકામાં તસ્કરોનો આતંક વધવા માંડ્યો છે અને દિવાળી બાદ તો જાણે તસ્કરોને મોકળું મેદાન મળ્યું હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. અગાઉ આજ ગરબાડા ચોકડીની આગળ આવેલ નેશનલ ઈન્દૌર હાઈવે રોડ ખાતે આવેલ વૃંદાવન સોસાયટીમાં પણ બે - ત્રણ દિવસ પહેલા ૧૫ થી ૨૦ તસ્કરોના મોડી રાત્રીના આગમન સાથે જ એક બંધ મકાનનું તાળુ તોડી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ આસપાસના રહીશોની સતર્કતાના કારણે સ્થાનીકો જાગી જતાં અને બુમાબુમ કરી મુક્તાં તસ્કરો નાસી જવામાં સફળ રહ્યા હતા. આ ઘટનાને મોડી રાત્રીના સમયે આ વૃંદાવન સોસાયટીમાં પોલીસ જવાનો પણ દોડી આવ્યા હતા.

## વડોદરા જે.સી.બેન્કની ડિરેકટરોની ચુંટણી મઝદુર સંઘ પેનલ ને જીત મળતા ગોધરા મઝદુર સંઘનો જશનનો માહોલ



વડોદરા, વડોદરા જે.સી.બેન્કની યોજાયેલ ડિરેકટરોની ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ ગોધરા ખાતે આવેલ વેસ્ટર્ન રેલવે મઝદુરસંઘમાં જસ્ન નો માહોલ જોવા મળ્યો મજદુર સંઘ પેનલની ભારે મતો થી ભવ્ય જીત મળતા રેલ કર્મચારીમાં ખુશીની લહેર છવાઈ ભારે રસાકસી બાદ મોડી સાંજે ચૂંટણી પરિણામ સામે આવ્યા. જેમાં જે.સી. બેન્કના ડિરેકટર ઉમેદવાર સંજય રાઠોડ એ ૨૨૫૦ મતો થી જીત મેળવી જયારે વિજેન્દ્ર ઠાકોર ની ૧૬૦૦ મતો થી જીત થઇ.

વેસ્ટર્ન રેલવે મઝદુરસંઘ ની પેનલ વિજય બનતા સમગ્ર વડોદરા ડિવિઝનમાં જશન નો માહોલ જોવા મળ્યો કર્મચારી ગણ ઢોલ નગારા સાથે એક બીજાને જીત વધામણાં આપતા નજરે પડ્યા જયારે જંગી બહુમતી સાથે મળેલ જીત નો શ્રેય મતદાર રેલ કર્મચારી નો હોવાનું WRMS ના જનરલ સેકેટરી અમીન શેખ એ જણાવ્યું જેઓ એ WRMS ની પેનલ ઉપર વિશ્વાસ મૂકી ખોબે ખોબે મતો આપ્યા.

જે રીતે WRMS ની પેનલ ઉપર વિશ્વાસ મૂકી કર્મચારીઓ એ મતદાન કર્યું એજ વિશ્વાસ પર ખરા ઉતરવાની ખાતરી ઠછઅજ ના નેતા એસ ડી મીણાએ આપી સાથે આગામી દિવસોમાં યોજાનાર સામાન્ય ચૂંટણી માં પણ આજરીતે વિશ્વાસ ટકાવી રાખવા હાકલ કારવામાં આવી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૮-૧૧-૨૦૨૦, શનિવાર, નિજ કારતક સુદ-૧૩, સૂર્યોદય-૭-૦૮, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૬, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૧૩થી અભિજીત ૧૨-૫૭, ૮-૩૧થી શુભ-૯-૫૨ સુધી, ૧૨-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૬-૩૯ સુધી, ૧૮-૦૧થી લાભ-૧૯-૩૯ સુધી, ૨૧-૧૮ થી શુભ-અમૃત-૨૪-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૦૩ થી ૮-૫૮ સુધી, ૧૦-૪૬ થી ૧૩-૨૯ સુધી, ૧૪-૨૩ થી ૧૫-૧૮ સુધી, ૧૭-૦૬થી ૨૦-૧૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૮.૧૧.૨૦૨૦ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- નિર્ણય શકિત દાદ માગે તેવી હશે નવું આયોજન લાભદાયક રહેવાનું ભાઈ-બહેનોના પ્રશ્નોમાં સફળતા પ્રવાસની ઈચ્છા ફળે.

વૃષભ (બ.વ.ઉ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ બુધ્ધિશાળી અને હીતેચ્છુ વ્યકિતની સલાહ લેજો નોકરીમાં કોઈ પરિવર્તન સફળ થાય.

મિથુન (ક.છ.ઘ.) :- માનસિક તનાવ રહેવાના કર્જ ન કરવું પરિવારના સભ્યો સાથે સુમેળ રાખવો જરૂર નાણાકીય બાબતોમાં સર્તકતા રાખજો.

કર્ક (ડ.હ.) :- પ્રવાસની ઈચ્છા ફળવાની વિદેશ જવાની તક પણ ઉભી થાય આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

સિંહ (મ.ટ.) :- આવક વધારવાના પ્રયત્નો છતાં પણ નાણાકીય બાબતોને લઈને ટેન્સન રહેવાનું કાનૂની પ્રશ્નોથી દૂર રહેવાની સલાહ છે.

કન્યા (પ.ઠ.ણ.) :- તમારા કાર્યની કદર ન થાય તો પણ તમો તમારા કાર્યને વળગી રહેજો.

તુલા (ર.ત.) :- ભાગીદારો સાથે મતભેદો ટાળજો આવકનું પ્રમાણ જળવાઈ રહે. ભૌતિક સુખનો લગાવ વધવાનો છે.

વૃશ્ચિક (ન.ય.) :- ચાર્મ જળવાઈ રહેવાનો તમારા કાર્યમાં તમો વધુ સક્રિય બનાવાના છો. રાજકીય લાભ રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- મહત્વના કાર્યોને વેગ મળવાનો છે. સતત પુરૂષાર્થ એ જ તમારી સફળતા છે. માતુશ્રીથી લાભ રહે.

મકર (ખ.જ.) :- નવી વ્યકિત ભાગીદારીના રૂપમા તમારા જીવનમાં આવે. મિલ્કતના પ્રશ્નોમાં કોઈની મદદ મલવાની છે.

કુંભ (ગ.શ.સ.) :- સામાજીક સ્તરે ઉદાસ ન બનતા તમારા કાર્યને વળગી રહેવાની સલાહ છે. ભાઈ-બહેનોથી લાભ.

મીન (દ.ચ.ઝ.) :- બુધ્ધિ પ્રતિભાને લઈને તમો સફળતા થવાના કોઈ અંધશ્રધ્ધા ન રાખવી. તમારા વિચારોને વળગી રહેજો.

સત્યમેવ જયતે
ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ
ગુજરાત સરકાર

સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના
સૂર્ય ગુજરાત





# હવે વધુ ઘરો પર લાગશે સોલાર રૂફટોપ સિસ્ટમ

## છેલ્લા એક વર્ષમાં એક લાખથી વધુ ઘરોને યોજનાનો લાભ

### દેશમાં સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને

# ગત વર્ષની જવલંત સફળતા આગળ ધપાવવા ફરી એકવાર ઘટાડેલ દરે સોલાર રૂફટોપ લગાવો અને સબસીડીનો લાભ લો...

### રહેણાંક હેતુના ગ્રાહકો આપનું રજીસ્ટ્રેશન તુરંત કરાવો

- સરકાર તરફથી રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ માટે પ્રથમ ૩ કિલોવોટની ક્ષમતા સુધી ૪૦% તથા ૩ થી વધુ અને ૧૦ કિલોવોટની ક્ષમતા સુધી ૨૦%ની સબસીડી
- ગૃપ હાઉસીંગ સોસાયટી રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસિએશનની મઝિયારી (common) સુવિધાઓના વીજ જોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૦%ની સબસીડી
- સોલાર રૂફટોપ સ્થપાયા બાદ જે તે એજન્સી ૫ વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેન્ટેનન્સ કરશે
- માન્ય એજન્સીઓની નવી યાદીમાંથી ગ્રાહક કોઈ એક એજન્સી પસંદ કરી નિયત દરે સોલાર રૂફટોપ સ્થાપિત કરી શકશે
- એજન્સીઓની યાદી વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ તેમજ વીજ કચેરીએ ઉપલબ્ધ છે

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા DC(કિલોવોટ) | ૧.૦૦ | ૧.૦૧ થી ૨.૦૦ | ૨.૦૧ થી ૩.૦૦ | ૩.૦૧ થી ૪.૦૦ | ૪.૦૧ થી ૫.૦૦ | ૫.૦૧ થી ૬.૦૦ | ૬.૦૧ થી ૧૦.૦૦ | ૧૦.૦૧ થી ૨૫.૦૦ | ૨૫.૦૧ થી ૫૦.૦૦ | ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ | ૧૦૦.૦૧ થી ૫૦૦.૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શોધિત દર (તમામ કર સાથે)(રૂ. પ્રતિ કિલોવોટ) | ૪૬૮૨૭.૦૦ | ૪૨૯૯૩.૭૦ | ૪૧૯૯૧.૮૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૩૭૮૪૨.૮૦ | ૩૨૬૭૦.૦૦ | ૩૧૫૮૧.૦૦ | ૩૦૪૯૨.૦૦ |
| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા DC(કિલોવોટ) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
| સોલાર સિસ્ટમની નિયત કરેલ મહત્તમ કુલ કિંમત (તમામ કર સાથે)રૂ. | ૪૬૮૨૭.૦૦ | ૮૫૯૮૭.૪૦ | ૧૨૫૯૭૫.૪૦ | ૧૬૩૯૭૨.૮૦ | ૨૦૪૯૬૬.૦૦ | ૨૪૫૯૫૯.૨૦ | ૪૦૯૯૩૨.૦૦ | ૯૪૬૦૭૦.૦૦ | ૧૬૩૩૫૦૦.૦૦ | ૩૧૫૮૧૦૦.૦૦ | ૪૫૭૩૮૦૦.૦૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય કુલ કિંમતના ૪૦% (૩ કિલોવોટ સુધી)રૂ. | ૧૮૭૩૦.૮૦ | ૩૪૩૯૪.૯૬ | ૫૦૩૯૦.૧૬ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૫૪૧૧.૩૬ | ૩૯૨૦૪.૦૦ | ૩૭૮૯૭.૨૦ | ૩૬૫૯૦.૪૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય કુલ કિંમતના ૨૦% (૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી)રૂ. | – | – | – | ૮૧૯૮.૫૪ | ૧૬૩૯૭.૨૮ | ૨૪૫૯૫.૯૨ | ૫૭૩૯૦.૪૮ | ૫૨૯૭૯.૯૨ | ૪૫૭૩૮.૦૦ | ૪૪૨૧૩.૪૦ | ૪૨૬૮૮.૮૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની કુલ સહાય રૂ. | ૧૮૭૩૦.૮૦ | ૩૪૩૯૪.૯૬ | ૫૦૩૯૦.૧૬ | ૫૭૩૯૦.૪૮ | ૬૫૫૮૯.૧૨ | ૭૩૭૮૭.૭૬ | ૧૦૬૫૮૨.૩૨ | ૯૮૩૯૧.૨૮ | ૮૪૯૪૨.૦૦ | ૮૨૧૧૦.૬૦ | ૭૯૨૭૯.૨૦ |
| લાભાર્થીએ ચૂકવવાની થતી રકમ રૂ. * | ૨૮૦૯૬.૨૦ | ૫૧૫૯૨.૪૪ | ૭૫૫૮૫.૨૪ | ૧૦૬૫૮૨.૩૨ | ૧૩૯૩૭૬.૮૮ | ૧૭૨૧૭૧.૪૪ | ૩૦૩૩૪૯.૬૮ | ૮૪૭૬૭૮.૭૨ | ૧૫૪૮૫૫૮.૦૦ | ૩૦૭૫૯૮૯.૪૦ | ૪૪૯૪૫૨૦.૮૦ |

* ઉપરોક્ત ગણતરી રહેણાંક હેતુના ગ્રાહકો માટે છે. મઝિયારી (common) સુવિધાઓના વીજ જોડાણો માટે વીજ કંપનીની વેબસાઇટ ઉપર માહિતી ઉપલબ્ધ છે.

**આવો સૌર ઊર્જા ક્રાંતિથી બનાવીએ ઊર્જાવાન ગુજરાત... શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

વધુ જાણકારી માટે નીચે જણાવેલ વેબસાઇટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો.

GUVNL

| | | |
|---|---|---|
| ડીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩<br>www.dgvcl.com ૧૯૧૨૩ | એમજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦<br>www.mgvcl.com ૧૯૧૨૪ | પીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩<br>www.pgvcl.com ૧૯૧૨૨ |
| અમદાવાદ તેમજ સુરત શહેર માટે<br>htpps://connect.torrentpower.com | ટોરેન્ટ પાવર લિમિટેડ - ૧૮૦૦ ૨૩૩ ૯૧૨૯<br>અમદાવાદ-૧૯૧૨૯ સુરત-૧૯૧૨૮ | યુજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫<br>www.ugvcl.com ૧૯૧૨૧ |

**નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ**

હવે ખૂબ જ સહેલું છે... ઘર માટે સોલાર રૂફટોપ મેળવવાનું

ફક્ત મીસ્ડ કૉલ કરો **૭૬૬૬૪૪૯૯૧૧**

વધુ જાણકારી માટે વિઝીટ કરો

**https://suryagujarat.guvnl.com**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## દિવાળી પૂર્વે કામોના બીલો અટકાવતા સરપંચો અને TDO વચ્ચે વિવાદ સર્જાયો હતો

# આખરે ગોધરા TDOની જીદ સામે સરપંચોની જીત : TDOની બદલી

ગોધરા,

ગોધરા તાલુકા પંચાયતના બામરોલી ખુદ પંચાયત સહીતના અન્ય વિસ્તારોના સરપંચોને વિકાસના કામોની કામગીરીની સરખામણીમાં નિયમીતપણે બિલો મંજુર કરવામાં ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરવાના વિરુદ્ધમાં સરપંચો એ બાંયો ચઢાવીને દિવાળી પૂર્વે ભૂખ હડતાળનું શસ્ત્ર સરપંચોએ ઉગમ્યું હતું. પરંતુ ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા હસ્તક્ષેપ કરીને ટીડીઓની દિવાળી બાદ બદલી કરવાની બાંહેધરી બાદ સૌરાષ્ટ્ર ભણી ટી.ડી.ઓ.ની બદલી થતાં સરપંચોમાં જાણે કે દેવ દિવાળીનો જશ્ન મનાવ્યો હોવાની આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

ગોધરા તાલુકાની બામરોલીખુદ ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચ રમણભાઈ ચંદુભાઇ બારીઆ ચાર વર્ષથી નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે સેવા આપે છે. ગ્રામપંચાયતના વિકાસ માટે તાલુકા પંચાયત ગોધરા દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૦ થી બામરોલી ખુર્દ ગામે કાલીયાકુવા રાજેન્દ્રભાઇ રવાભાઈના ઘર થી અભેસિંહ ફ. નો એપ્રોચ રોડ અંદાજીત રકમ રૂ.૧.૦૦ લાખ તથા તા. ૨૮ ૯/૨૦૨૦ થી કાલીયાકુવા ગામે હરીજન ઉદેસિંહ ગજાભાઇના ફ. સી.સી. રોડ માટે રકમ રૂ. ૧.૦૦ લાખ તથા બામરોલી ખુર્દ ગામે મોહનભાઇ ફતાભાઈ ના ઘરથી સાલમભાઇ ના ઘર તરફ નું કામ રૂ. ૧.૦૦ ને સરકારની વિવિધ યોજનામાંથી ગામના વિકાસ માટે મંજુર કરેલ છે. અને વર્કઓર્ડર આપેલ છે. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ નિયમીત પણે થયેલા કામોના બીલો મંજુર નહીં કરીને ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરીને બીલો અટકાવી દેવામાં આવતા દિવાળી સમયગાળા દરમ્યાન વેપારીઓ તથા ઘરની મૂડી ખર્ચીને સામગ્રી લાવનાર કોન્ટ્રાકટર દ્વારા ઉધરાણી કરવામાં આવતાં વાયદાઓ ફોક નિવડી રહ્યા હતા. સાચા કામો હોવા છતાં મનમાની કરીને મંજુર નહીં કરાતા દિવાળી પૂર્વે લાખોના બીલો અટવાઈ પડતા આર્થિક સંકડામણનો અનુભવ કરનાર સરપંચો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતાં કોઈ નિર્ણય લેવામાં આવતો ન હતો. પદાધિકારીઓની અધ્યક્ષતામાં ટી.ડી.ઓ. સમક્ષ માંગણી કરવા છતાં બીલો અટકાવવામાં આવતાં જે અંગે વિવાદ સર્જાયો હતો. સાચા કામોના બીલો મેળવવા તથા દિવાળીના સમયે ચુકવણા કરવાના હોય બીલો મંજુર કરવામાં નહીં આવતા ટી.ડી.ઓ. સામે ભારે વિરોધ વંટોળ સર્જાયો હતો. નારાજ થયેલ સરપંચો તથા હોદ્દેદારો દ્વારા પાસ નહીં કરવાનો અડગ નિર્ણય લેનાર ટી.ડી.ઓ. સામે ભારે નારાજગી સાથે વિરોધ દર્શાવવા માટે ભૂખ હડતાળનું શસ્ત્ર ઉગામીને દિવાળી પૂર્વે કેટલાક સરપંચો એ તાલુકા પંચાયત કચેરી સામે એકત્રિત થયા હતા. જેને લઈને રાજકીય ક્ષેત્રે દોડધામ મચી ગઈ હતી. જેના પગલે સાચી કામગીરી સંદર્ભે બીલો મંજુર કરવાની માંગ છતાં ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરીને બિલો મંજુર કરવામાં નહીં આવતા આ ટી.ડી.ઓ.ના જોહુકમી તથા કાર્ય પદ્ધતિ સામે વિરોધ દર્શાવ્યો હતો. બાદમાં ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તક્ષેપ કરવાના કારણે સરપંચોએ હડતાળ પરત ખેંચીને સમાધાન કર્યું હતું. અને બદલીની ખાત્રી અપાયા મુજબ હાલ ટી.ડી.ઓ.ની સૌરાષ્ટ્રમાં બદલી કરવામાં આવતાં સરપંચોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

### નવનિયુકત ઈન્ચાર્જ TDO સરપંચોની માંગણી તાકીદે સંતોષશે ?

ગોધરા ટી.ડી.ઓ.ની બદલી સૌરાષ્ટ્રના અમરેલી ખાતે થઈ છે. તેઓની જગ્યાએ શહેરા ટી.ડી.ઓ.ની ઈન્ચાર્જ અપાયો છે. ત્યારે આનંદની લાગણી વચ્ચે હવેથી આ નવા ચાર્જ સંભાળનાર ટી.ડી.ઓ. પાસે સરપંચો અપેક્ષા સેવી રહ્યા છે કે નિયમપ્રમાણે બિલો મંજુર કરીને ગ્રાન્ટ પ્રમાણે નાણાં ફાળવવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. આમ લાંબા સમયથી સરપંચ તથા ટી.ડી.ઓ. વિરૂદ્ધ વચ્ચે ચાલી રહેલા વિવાદનો ધારાસભ્યના હસ્પક્ષેપ થી અંત આવ્યો હતો.

### પંચાયતી રાજ અને વહીવટી ક્ષેત્રે બિનઅનુભવી હોવાના આક્ષેપો ઉઠયા હતા

માત્ર ટુંકાગાળાની ફરજ દરમ્યાન ગોધરા ટી.ડી.ઓ. પાસે પંચાયતી રાજ તથા નીતિ નિયમ અંગેનું પુરતું જ્ઞાન નહીં હોવાના પણ કેટલાક સરપંચો આક્ષેપ સાથે જણાવતા તેઓએ ઉમેર્યું હતું કે, પંચાયતી સ્તર ત્રણ પ્રકારે કાર્યરત રહીને ચુંટઈને ફરજ અને કાર્યો સુપ્રત કરાયેલા છે. અને ચુંટાયેલી પાંખ નિયમબદ્ધ ઠરાવ કરીને સરકારના નિયમોને વળગી રહેવાની સત્તાઓ ધરાવે છે. ત્યારે ટી.ડી.ઓ.જેવા અધિકારીઓએ ચુંટાયેલી પાંખ સાથે સુમેળ ભર્યો વહેવાર સાથે વિકાસના કામોને અગ્રીમતા આપવાની હોય છે. પરંતુ આવા નિયમોને ઘોળીને પી જઈને બિનઅનુભવી તરીકેની છાપ ઉભી કરનાર ગોધરા ટી.ડી.ઓ. અવારનવાર વહીવટી બાબતે વિવાદમાં આવી ગયા હતા.

- સરકારની યોજનાઓ પ્રમાણે કામગીરી પૂર્ણ કરવા છતાં ચુકવણા કરવામાસામે મનમાની થઈ હતી.
- બિલો અટકાવવાતા T.D.O. સામે સરપંચો તથા સભ્યોમાં વિરોધ ઉઠયો હતો.
- અવારનવાર રજુઆત કરવા છતાં T.D.O. દ્વારા બીલો અટકાવવામાં આવ્યા હતા.
- દિવાળી પૂર્વે બીલો અટકાવવામાં આવતાં ભારે નારાજગી વ્યાપી હતી.
- નિયમીતપણે થયેલા કામોના બીલો અટકાવવાતા આર્થિક સંકળામણ સર્જાઈ હતી.
- મનમાનીના વિરોધમાં અને ગ્રામ્ય વિસ્તારનો વિકાસ રૂંધાતા સરપંચોએ ભૂખ હડતાળ ઉપર ઉતરીને બદલીની માંગ કરી હતી.
- ધારાસભ્યનો હસ્તક્ષેપ સરપંચો એ ભૂખ હડતાલ પરત ખેંચાઈ હતી.
- આખરે તાલુકા વિકાસ અધિકારીની જોહુકમી ભારે પડી : છેવટે અમરેલી બદલી.
- સરકારે બદલી કરતા દેવ દિવાળીની ભેટ આપી હોવાનું સરપંચો તથા સભ્યોમાં આનંદ.

### ધારાસભ્ય એ વચન પાળી બતાવતા આભાર

ગોધરા તાલુકાના વિવિધ વિસ્તારોમાં નિયમીતપણે થયેલા વિવિધ વિકાસના કામોના બીલો અટકાવવામાં આવતાં ટી.ડી.ઓ. સામે ભુખ હડતાળનું શસ્ત્ર ઉગામવાની સાથે બદલીની માંગ કરવામાં આવતા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવીને ખાત્રી આપવામાં આવી હતી. જે દિવાળી બાદ અક્ષરે અક્ષર પાલન કરીને આ વિવાદાસ્પદ ટી.ડી.ઓ.ની બદલી કરવામાં આવતા હાશકારો વ્યાપ્યાની સાથે ધારાસભ્ય એ વચનપાળીને બતાવતા સરપંચો આભારની લાગણી વ્યકત કરી રહ્યા છે.

## ગોધરામાં કોરોના કાળમાં રાત્રીએ ધમધમતી ચા-નાસ્તાની લારીઓ પોલીસે બંધ કરાવી



ગોધરા,

ગોધરા શહેરમાં પ્રતિદિન કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. વધતા જતાં કોરોના સંક્રમિત કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત છે. તેમ છતાં લોકો કોરોના જેવી મહામારીને ગંભીરતાથી લેતા નથી. ત્યારે ગોધરા શહેર બસ સ્ટેશન અને ગોન્દ્રા ચોકડી ઉપર રાત્રીના સમયે ધમધમતી ચા અને નાસ્તાની લારીઓ બંધ કરવામાં આવી.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં કોરોના સંક્રમિત કેસમાં વધારો થઈ રહ્યો છે. દિવાળીના તહેવારો બાદ કોરોના કેસમાં વધારો થયો છે. તેમાં પણ ગોધરા ગોધરા શહેરમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ કર્મચારીઓ તેમજ નગર પાલિકા ચીફ ઓફિસર તેમજ સેનેટાઈઝર ઈન્સ્પેકટર કોરોના પોઝીટીવ નોંધાયા છે. કોરોના સંક્રમિત કેસ વધી રહયા છે. જેને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા ચાર મહાનગરોમાં કોરોના સંક્રમણ અટકાવવા માટે રાત્રી કરફ્યુ લાગુ કરવામાં આવ્યા છે. ગોધરા શહેરમાં કોરોના સંક્રમણ વધારો થવા છતા રાત્રી કરફ્યુ લાગુ કરવામાં આવ્યો નથી. ત્યારે બસ સ્ટેશન અને ગોન્દ્રા ચોકડી વિસ્તારમાં મોડી રાત્રીએ ચા અને નાસ્તાની લારીઓ ઉપર સોશ્યલ ડિસ્ટન્સ નહિ જાળવતા પોલીસ તંત્ર દ્વારા આવી ચાની લારીઓ બંધ કરવામા આવી છે. સાથે મોડી રાત્રી એ રોડ ઉપર ટહેલવા નીકળેલ લોકોને ઘરે રહેવા અપીલ કરી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૧૬૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૭ છે. તેમાં ગોધરામાં-૧૨, હાલોલ-૦૯, જાંબુઘોડા-૦૨, શહેરા-૦૪ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૨૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૩૨.
- મૃત્યુ આંક - ૧૨૧.

પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૧૬૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## કાંટુ થી દે.બારીઆને જોડતા મુખ્ય માર્ગ બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

કાંટુ,

કાટું થી દેવગઢ બારીયા જતો મુખ્ય રસ્તો કાટું થી દુધિયા નદીના પુલ સુધી રસ્તામાં ખાડા પડતાં બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. ત્યારે આ રસ્તાની કામગીરી એક વર્ષ પહેલાં જ થઈ પૂર્ણ થઈ હતી પરંતુ તંત્રના બોગસ કામગીરીના લીધે ચોમાસાના ચાર મહિનામાં ઉંડા ઉંડા ખાડામાં ફેરવાઈ ગયો જોવા પામ્યો છે. ત્યારે આ રસ્તા પર આવતાં કાંટુ, વાવ, લવારીયા, ગજાપુરા, બામરોલી જેવાં અનેક નાનાં મોટાં ગામો આવેલાં હોવાથી આ મુખ્ય રસ્તા પર સરકારી એસ.ટી બસ તથા પ્રરાવેટ વાહનોની અવર જવર પણ વધુ જોવાં મળે છે. જ્યારે બીજી તરફ ઘોઘંબા થી દેવગઢ બારીયા આવવાં જવા માટે આ રસ્તો ખૂબ સીધો છે. ત્યારે આ વિસ્તાર ના અનેક ગામના લોકોને રોડ ખરાબ થવાને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. તંત્ર દ્વારા તાત્કાલીક રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ કરવામાં આવી રહી છે. તે અંગે રજુઆત કરવામાં પણ આવી છે. તેવી જ રીતે ઘોઘંબા ગામમાં મેઈન બજારમાં પણ રોડ પહોળો કરવાની કામગીરી માટે ટેન્ડર અપાયુ હતું. જે દીવાળી આવતા બંધ કરી દેવામાં આવતા આખો રોડ ઉપર ધુળ અને દળ ની એવી ડમરીઓ ઉડે છે કે પ્રજા ત્રાહિમામ થઈ જાય છે. રોડનું કામ હવે દીવાળી જતા પુનઃ શરૂ કરવામાં આવે તથા ત્યાં સુધી પાણી છંટકાવવામાં આવે તો કોરોનાની આ મહામારીમાં લોકો છીકતા બંધ થાય.

## ગોધરા તાલુકાના તરવડી સ્વામિનારાયણ ફળિયાના રહિશો એક મહિનાથી લાઈટ વગર અંધારા ઉલેચે છે

ગોધરા,

સરકાર દ્વારા જયોતિ ગ્રામ યોજનાની મોટી જાહેરાતો કરવામાં આવે છે જયારે બીજી તરફ આ જ વિભાગ દ્વારા છેવાડાના ગામમાં એક એક માસ દરમિયાન કોઈપણ જાતની કામગીરી કરવામાં નથી આવો જ અનુભવ ગોધરા તાલુકાના છેવાડાના તરવડી ગામના સ્વામિનારાયણ ફળિયાના રહિશોને થયો છે. ડી.પી.બળી ગયેલ અથવા તો અન્ય ટેકનિકલ ફોલ્ટને કારણે લાઈટો બંધ થઈ જતાં છેલ્લા એક માસથી ફળિયાના ૧૮ થી વધુ ઘરના રહિશો અંધારા ઉલેચી રહ્યા છે.

આ અંગે સંતરોડ એમજીવીસીએલ કચેરી ખાતે સ્થાનિક રહિશ દ્વારા વારંવાર ટેલિફોનીક, તથા રૂબરૂ અથવા લેખિત રજુઆત કરવા છતાં જવાબદાર અધિકારી દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં નહિ આવતા સ્થાનિકોનો એમજીવીસીએલ પ્રત્યે રોષ જોવા મળ્યો હતો. ગામના રહિશ અતુલાભાઈના જણાવ્યા મુજબ કચેરીમાં રૂબરૂ રજુઆત કરવા જતાં કોઈ હાજર હોતુ નથી. અથવા તો વ્યવસ્થિત જવાબ મળતો નથી. યોગ્ય કાર્યવાહી કરી વહેલી તકે ફળિયામાં લાઈટો ચાલુ થાય તેવી લોકોની માંગ છે.

## શહેરા તાલુકાના ૧૫ ગામોમાં પોલીસે રેડ કરી દારૂ સાથે મુદ્દામાલ જપ્ત કર્યો

શહેરા,

શહેરા ના ડેમલી, બાહી સહિતના ૧૫થી વધુ ગામોમાં પોલીસે છૂપી રીતે દેશી દારૂનો ધંધો કરતા બુટલેગરોના ત્યાં રેડ પાડી હતી. પોલીસે સ્થળ ઉપરથી મળેલ મુદ્દામાલ જપ્ત કરીને કડક કાર્યવાહી હાથ ધરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાઇ જવા પામ્યો છે.

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂનો ધંધો ફૂલ્યો ફાલ્યો હોવાની માહિતી તાલુકા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.નકુમ ને મળી હતી. દારૂબંધીની કડક અમલવારી થાય તે માટે પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.નકુમ એ પોલીસની અલગ અલગ ટીમો બનાવીને તાલુકાના બાહિ, નવાગામ, નાંદરવા , પાલીખંડા સહિત અન્ય મળીને ૧૫થી વધુ ગામોમાં ૨૨ જેટલા દેશી દારૂનું વેચાણ કરતા બુટલેગરોના ત્યાં પોલીસે રેડ પાડી હતી. પોલીસની રેડ જોતાની સાથે દેશી દારૂ બનાવનાર બુટલેગરો સ્થળ છોડીને ભાગતા જોવા મળી રહયા હતા. દેશી દારૂની રેડ દરમિયાન પોલીસને મળી આવેલા મુદ્દામાલને ને પોલીસ મથક ખાતે લાવવામાં આવ્યો હતો. દારૂના કારણે અનેક પરિવારો બરબાદ થઈ રહયા હતા. ત્યારે પોલીસની કડક કાર્યવાહી ને લઈને તાલુકાના પ્રજાજનોએ નવીન આવેલ પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.નકુમ અને પોલીસ સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. જ્યારે બીજી તરફ પોલીસની કાર્યવાહીને પગલે બૂટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

## ગોધરા ખાતે વીજ કર્મીઓ દ્વારા પ્રદર્શન કચેરી ખાતે સૂત્રોચ્ચાર

ગોધરા,

કેન્દ્ર સરકારની વીજ વિતરણ કંપનીઓના ખાનગીકરણ કરવાની નીતિ સામે લડત આપવાના ભાગરૂપે ગોધરા ખાતે વીજ કર્મીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કચેરી ખાતે સૂત્રોચ્ચાર કરી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી. ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા હેઠળ જીયુવીએનએલની કંપનીઓના કર્મચારીઓ અને ઇજનેરો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. કેન્દ્ર સરકારની વીજ વિતરણ કંપનીઓના ખાનગીકરણ કરવાની નીતિ સામે લડત આપવા ઓલ ઈન્ડિયા પાવર એજીનીયર્સ ફેડરેશન અને નેશનલ કો ઓર્ડીનેશન ઓફ ઈલેક્ટ્રીસીટી એમ્પલોય એન્ડ એજીનિયર્સ દ્વારા ૨૬ નવેમ્બરના રોજ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી દેખાવો કરવાનું આયોજન આવ્યું હતું.

જેમાં જીયુવીએનએલની તમામ કંપનીઓમાં માન્યતા ધરાવતા યુનિયન/એસોસિયેશન (એજીવિકે એસ, જીબીયા, જીઈ બીએસએસએ, જીવિકેયુએમ, એસ.વી.કે.એમ) ની બનેલી ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા ઓલ ઈન્ડિયા પાવર એજીનીયર્સ રેશનના કાર્યક્રમ મુજબ ગોધરા ખાતે તમામ કર્મચારીઓ કાળી પટ્ટી પહેરી ફરજ બજાવી હતી.આ ઉપરાંત બપોરે રીશેષ સમય દરમ્યાન વિજકર્મચારીઓ અને ઇજનેરો દ્વારા કચેરીઓ ખાતે સોશ્યલ ડિસ્ટન્સ રાખી સૂત્રોચ્ચાર સાથે પોતાની માંગણી રજૂ કરી હતી.

## કાલોલ-હાલોલ હાઈવે રોડ રાજપુતાના કંપની સામે સ્વીફ્ટ કાર પલ્ટી જતાં કાર ચાલકનો આબાદ બચાવ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ થી હાલોલ જતા હાઈવે રોડ ઉપર આવેલ રાજપૂતા કંપનીની સામે પુરઝડપે પસાર થતી કારના ચાલકે સ્ટીયરીંગપરનો કાબુ ગુમાવી દેતા કાર આશરે ત્રણ-ચાર પલ્ટી ખાઈ ગઈ હતી. કાર ચાલકનો આબાદ બચાવ થયો. વિસ્તૃત વિગતો પ્રમાણે કાલોલ-હાલોલ જતા હાઈવે રોડ ઉપર રાજપૂતાના સ્ટીલ સામેથી પસાર થતી સ્વીફ્ટ કારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવતો હોય દરમ્યાન કારના ચાલકેસ્ટીયરીંગપરનો કાબુ ગુમાવી દેતા કાર રોડ ઉપર ૧૦ ફુટ જેટલી કાર ઉછળી હતી. અને ત્રણ થી ચાર પલ્ટી મારીને ૨૫ થી ૩૦ ફુટ જઈને પડી હતી. સ્વીફ્ટ કાર જે રીતે પલ્ટી હતી. જેને લઈ કારને નુકશાન થયું હતું પણ સદ્નસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો.

## હાલોલ-ગોધરા બાયપાસ નવજીવન હોટલ પાસે અજાણ્યા વાહનની ટકકરે ૫૫ વર્ષિય વ્યકિતનું મોત

હાલોલ,

હાલોલ-ગોધરા બાયપાસ રોડ પર હોટલ નવજીવન પાસે અજાણ્યા વાહને રોડ ક્રોસ કરતા આધેડને ટક્કર મારતા તેમનુ ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતુ.

રામનાથ ગામે વણકરવાસમાં રહેતા મોહનભાઈ માવાભાઈ વણકર (ઉ.વ.૫૫) હાલોલ જીઆઈડીસી ખાતે આવેલ ઋષિ કંપનીમાં વોચમેન તરીકે ફરજ બજાવતા હતા. જેથી તેઓ નાઈટ શિફ્ટ હોઈ મોડી સાંજે રામનાથથી જીઆઈડીસી ખાતે આવવા નીકળ્યા તે દરમિયાન હાલોલ-ગોધરા હાઈવે રોડ પર આવેલ હોટલ નવજીવન પાસે તેઓ રોડ ક્રોસ કરતા હતા તે દરમિયાન માતેલા સાંઢની જેમ પુરઝડપે આવતા એક અજાણ્યા વાહન ચાલકે મોહનભાઈને ટકકર મારતા મોહનભાઈ રોડ પર પછડાતા તેઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. કાલોલના રામનાથ ખાતે તેઓના પરિવારજનોને અકસ્માતની જાણ થતાં તેઓના માથે આભ તુટી પડ્યુ હતુ. જ્યારે હાલોલ ટાઉન પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. બનાવ અંગે મૃતકના પુત્ર એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર ગઢ ચુંદડી પાસે આઈસર ગાડી ટ્રક જેવા વાહન અથડાતા ૨૬ વર્ષીય કલીનરનું મોત

ગોધરા,

ગોધરા -દાહોદ હાઈવે રોડ ઉપર આવેલ ગઢ ચુંદડી ગામ પાસેથી પસાર થતી આઈસર ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી આગળ ચાલતા ટ્રક જેવા વાહન સાથે અથડાવી આઈસરના કેબીનમાં બેઠેલ ૨૬ વર્ષીય કલીનરને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર ગઢ ચુંદડી ગામ પાસેથી પસાર થતા આઈસર ગાડી નંબર એમ.એચ. ૦૯.સીએ. ૦૮૮૮ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલત રીતે હંકારી લાવી રોડ ઉપર આગળ ચાલત ટ્રક જેવા વાહનને પાછળથી અથડાવી દીધી હતી. જેને લઈ આઈસર ગાડીમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલ કલીનર ભુપેન્દ્રભાઈ દેવનારાયણ રાઠોડ ઉ.વ.૨૬ને ગંભીર ઈજાઓ પહોંચાડત મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 82